**ધન્ય ગુરુ !! ધન્ય શિષ્ય !**



આજે સમ્યકદર્શન વિભૂષિત **પૂજ્ય નિહાલચંદજી સોગની**નો ૧૦૬ મો મહામંગલકારી જન્મદિન છે. વિક્રમ સંવત ૧૯૬૯ (સન્ ૧૯૧૨), વૈશાખ સુદ - ૧૧ના દિને વિધિની કોઈ ધન્ય પળે બાળક 'નિહાલ'નો જન્મ થયો.

શ્રી સોગાનીજી જન્મથી જ અસાધારણ પ્રતિભાના ધણી, વિચક્ષણ અને મેધાવી હતાં. જેના ફળસ્વરૂપે તેઓશ્રીએ અતિ અલ્પ પ્રયાસથી જ યથાયોગ્ય લૌકિક શિક્ષા પ્રાપ્ત કરી લીધી. તેઓશ્રી જિજ્ઞાસુવૃત્તિ ના ધારક, નિર્ભીક કાર્યનિષ્ઠ તેમ જ પરિશ્રમશીલ હોવાની સાથે-સાથે ધૂનના પણ ધણી હતા. તેથી કોઈ પણ કાર્યને પ્રારંભ કર્યા પછી તેને પૂરું કર્યા પહેલાં ચેન ક્યાંથી પડે ?

સન્ ૧૯૪૬માં કોઈ મંગળ ઘડીએ શ્રી સોગાનીજીને એકસાધર્મીએ આધ્યાત્મિક સંત શ્રી કાનજીસ્વામીના પ્રવચનો પ્રકાશિત કરતું માસિક 'આત્મધર્મ' વાંચવા માટે આપ્યું. પ્રવચનપ્રસાદી સ્વરૂપ સારગર્ભિત વાક્ય 'ષટ્ આવશ્યક નથી, પરંતુ એક જ આવશ્યક છે' એ તેમના અંતરંગને હચમચાવી દીધું, અને ઊંડી ચોંટ લાગી. આ જ વાક્યામૃતના ભાવભાસનથી જાણે કે અનંતકાળથી અનંત કર્તૃત્વના બોજ નીચે દબાયેલ, તેમનો આકુળ-વ્યાકુળ આત્મા સહજ મુક્ત થઈ ગયો અને ભારમુક્ત સમાન હલકો ભાસવા લાગ્યો. અંતરના રોમે-રોમમાં ઝણઝણાટી થઈ અને એક સ્વરલહરી ઉઠી, 'અરે! મિલ ગયા! જિસ સત્યકી ખોજથી ઉસકા વિધિપ્રકાશક મિલ ગયા!' તત્ક્ષણે જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેમના મંગલકારી વચનો પ્રત્યે શ્રદ્ધા તેમ જ અંતર પ્રીતિ સ્ફૂરિત થઈ, અહોભાવ છલકી ઉઠ્યો, અને મન ભક્તિવિભોર થઈ ગયું.

અધ્યાત્મયોગી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીના વાચ્યના અવગાહનથી સર્વ દોષોનું જનક મિથ્યાત્વ તેમજ અજ્ઞાનની શક્તિ ક્ષીણ થવા લાગી, જ્ઞાનગ્રંથીઓ યથોચિત ખુલવા લાગી તથા આત્મ પ્રાપ્તિની દિશા સ્પષ્ટ થવા લાગી.

હવે માર્ગપ્રકાશકના ચરણસાન્નિધ્ય અને દર્શન માટે તેમનું મન તડપી ઊઠ્યું. તે સંતની પવિત્ર ચરણરજને પોતાના મસ્તકે ધારણ કરવાની તેમની લાલસા પ્રતિક્ષણ તીવ્રથી તીવ્રતમ થતી ગઈ. આખરે તે ચિરપ્રતિક્ષીત સુમંગળ ઘડી આવી પહોંચી. શ્રી સોગાનીજી સન્ ૧૯૪૬માં પ્રથમવાર પોતાના આરાધ્ય શ્રીગુરુના પાવન ચરણોમાં પૂર્ણતઃ નતમસ્તક થવા સ્વર્ણનગરી (-સોનગઢ) જઈ ચડ્યાં.

શ્રી સોગાનીજીએ પોતાના આરાધ્ય સાક્ષાત્ ચૈતન્યમૂર્તિની પવિત્ર ચરણરજને મસ્તકે ચડાવીઅને તેમની દિવ્ય મુખમુદ્રાને ભાવવિભોર થઈ મંત્રમુગ્ધની જેમ એકીટશે નીરખતાં રહ્યાં. ત્યાં આત્મરસથી

ઓતપ્રોત શ્રીગુરુની દિવ્યવાણી છૂટી અને પ્રત્યક્ષ સત્શ્રવણનો પ્રથમ યોગ સંપ્રાપ્ત થયો.અને મહાનમંગળમયી ક્ષણે શ્રીગુરુના શ્રીમુખેથી નિર્ઝરિત બોધામૃત 'જ્ઞાન અને રાગ જુદાં છે' ના ભાવને તેમણે ચિત્તમાં અવધારણ કર્યો, જે અલૌકિક ચૈતન્યચિંતામણીરૂપે પ્રગટ થયો.

શ્રી સોગાનીજીને પોતાના પરમોપકારી સજીવનજ્ઞાનમૂર્તિ શ્રીગુરુની ભવાંતકારી મંગલ દેશનાથી નિજ પરમતત્વનો અનહદ, આશ્ચર્યકારી, અદ્ભુત મહિમા પ્રદિપ્ત થઈ ! પોતાનાચૈતન્ય દેવનોઅભૂતપૂર્વ રસ આવ્યો તેમ જ ઘોલન શરૂ થઈ ગયું. અનાદિથી સુષુપ્ત પુરુષાર્થ સંચેતનયુક્ત થયો, ચૈતન્યવીર્ય સ્કુરિત થઈ ઉઠ્યું અને. તદઅનુસાર તેમની નિર્વિકલ્પ તત્વની ધૂન અતિ વેગપૂર્વક ચાલવા લાગી. ક્યારે દિવસ પૂરો થયો, ક્યારે રાત્રિએ પોતાની કાળી ચાદર ફેલાવી-કાંઈ જ ભાન ન રહ્યું. સર્વ ઉદયત સંયોગ-પ્રસંગ વિસ્મૃત થઈ ગયા બસ! લગાતાર એક જ ધૂન ચાલતી હતી.

જ્યારે જગતવાસીઓ અર્ધરાત્રિએઊંઘમાં ખોવાયેલા હતા ત્યારે તેઓ 'સમિતિ'ના એક ઓરડામાં બેઠાં-બેઠાં ચૈતન્યરસના પ્રવાહમાં નિમગ્ન હતાં. તેઓશ્રીનો સ્વરૂપોન્મુખી સહજ પુરુષાર્થ પૂરજોશમાં ગતિશીલ હતો. એ વખતે વૃદ્ધિશીલ પુરુષાર્થ-પ્રવાહ અપૂર્વ વેગથી વર્ધમાન થઈ અંતર્મુખ થઈ ગયો અને શ્રી સોગાનીજીના આત્માએ, પોતાના પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કર્યા, પોતાના અતીન્દ્રિય સ્વરૂપની સ્વાનુભૂતિ થઈ. તત્કાળ જ આત્માના પ્રદેશે-પ્રદેશે અતીન્દ્રિય સ્વરૂપાનંદની ભરતી આવી ગઈ. અનાદિથી અતૃપ્ત પરિણતિ સ્વરૂપાનંદ પાનથી તૃપ્ત-તૃપ્ત થઈ ગઈ.

**શ્રીગુરુ-મિલનના પ્રથમ દિવસે જ રાત્રિના અપાર અંધકારમાં ઉદિત જ્ઞાનના પ્રકાશમાં આ અનુપમ પુરુષાર્થીને આ રીતે નિર્વિકલ્પદશા સંપ્રાપ્ત થઈ, ભવાંતકારી સમ્યકદર્શન પ્રાપ્ત કર્યું. પરમોપકારી શ્રીગુરુની નિષ્કારણ કૃપાપ્રસાદી પામીને શ્રી સોગાનીજીનો આત્મા ન્યાલ થઈ ગયો.**

સોનગઢથી પાછા આવ્યા બાદ તો તેઓશ્રીના પરિણામોમાં નિર્લિપ્ત ભાવનીઉદાસીનતા અને પરમાનંદની ખુમારી નિરંતર રહેવા લાગી. શુભભાવમાં પણભઠ્ઠીમાં બળવા જેવી પીડાનો અનુભવ થવા લાગ્યો.

કલકત્તાની પ્રતિકૂળતામાં પણ તેઓશ્રીને લાગતું હતું કે જાણે આ અથાહ માનવ સમુદાયમાં 'હું એકલો જ સુખી છું.' અરે! ખરેખર તેઓશ્રી સુખી હતા. આત્માનંદનું રસાસ્વાદન કરનાર પોતાને સુખી જ નહીં, સૌથી સુખી અનુભવ કરે છે. તેઓ કહેતાં કે 'અરે! મારા તરફથી કોઈ આશા ન રાખો, પંગુ સમજીને બે વખતનું ભોજન શરીર ટકી રહે તે માટે આપીદ્યો.'

પોતાના શ્રીગુરુના ચરણસાન્નિધ્યમાં ન રહી શકવાની કેટલી વેદના રહેતી હતી તેની ઝલક તેઓશ્રીના પત્રોમાં મળે છે; ''પૂજ્ય ગુરુદેવનું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી.'

''અરે વિકલ્પ! જો તને તારું આયુ પ્રિય હોય તો બીજા બધાંને ગૌણ કરીને ગુરુદેવના સમાગમમાં લઈ ચાલ, નહીંતર તેમણે આપેલું વીતરાગ અસ્ત્ર જલદીથી જ તારો અંત કરી નાખશે.'

શ્રી સોગાનીજીને એકાંતવાસ અતિ રુચિકર હતો. તેઓશ્રી શક્ય હોય ત્યાં સુધી કોઈને હળવા-મળવા કે પરિચયમાં આવવાનું પસંદ કરતાં નહોતા. તેઓ જ્યાં હોય ત્યાં એકાંત ગોતતા રહેતાં. પ્રાયઃતેમને પોતાના ઓરડામાં બંધ રહેવું જ રુચિકર હતું. ભીડ અને કોલાહલ ભર્યા વાતાવરણમાં તેમને શ્વાસ રુંધાવા જેવું લાગતું.

તત્વચર્ચા દરમિયાન એક વખત તેમણે કહ્યું કે 'મને તો એકાંત માટે સમય ન મળે તો ચેન જ નથી પડતું.'..... 'આખરમાં તો એકાંતમાં (એકલા) જ હમેંશા રહેવાનું છે. તો શરૂઆતથી જ એકાંતનો બે-ચાર-પાંચ કલાક અભ્યાસ હોવો જોઈએ.'

શ્રી સોગાનીજીની આત્મદશા અદ્‌ભુત રીતે વર્તતી હતી, પરંતુ તેઓશ્રી એને પ્રસિદ્ધ કરવા નહોતા ઇચ્છતા. તેમ છતાં એક અંતરંગ સાધર્મીએ અનુરોધ કર્યો કેઃ 'પૂજ્ય ગુરુદેવશ્રીના નિમિત્તે તમને આત્મબોધ થયો છે. એ વાત જાણીને તેઓશ્રીને સહજ પ્રસન્નતા થશે, તેથી આપશ્રીની જ્ઞાનદશાની બાબત ગુરુદેવશ્રીને જણાવવાનો વિકલ્પ છે.' ત્યારે તેમણે કહ્યું : 'કોઈ જાણે કે ન જાણે, તેથી આત્માને કોઈ ફાયદો નથી. અનંત સિદ્ધો થઈ ગયા, (પરંતુ) કોઈ તેમના નામો પણ જાણતું નથી. અસંખ્ય સમ્યક્દ્રષ્ટિ (તિર્યંચ) અઢી દ્વીપની બહાર અત્યારે પણ મોજૂદ છે. તેમને કોણ જાણે છે ? સાચી જ વાત છે ને! કે ફૂલ બાગમાં હો અથવા જંગલમાં, તેને કોઈ સુંઘે કે ન સુંઘે, તેની કિંમત તો પોતાથી છે. કોઈ સુંઘે તો તેની કિંમત વધી જતી નથી અથવા ન સુંઘે તો તે કરમાઈ જતું નથી. તેમ કોઈ પોતાને જાણે અથવા ન જાણે-તેનાથી થોડું પોતાનું મૂલ્ય છે ? પોતાની કિંમત તો પોતાથી જ છે.

જો કે શ્રી સોગાનીજીએ નિરપવાદરૂપે સ્વતત્વની સર્વોચ્ચતા અને એકમાત્ર તેના જ અવલંબનને મુક્તિમાર્ગના રૂપમાં સર્વત્ર ગાયો છે તેમ છતાં જે શ્રીગુરુના નિમિત્તે તેઓશ્રીએ મોક્ષમાર્ગના પ્રથમ સોપાનને પ્રાપ્ત કર્યું તે અનહદ ઉપકાર વશ તેઓશ્રી પ્રત્યે પોતાનાસાધક હૃદયમાં કેવી અસાધારણ ભક્તિ, મહિમા, વિરહ-વેદના સ્પંદિત થતી રહે છે તેનું વિસ્મિત કરી દે તેવું જીવંત ઉદાહરણ પણ તેમનાં જ પત્રોમાં સુસ્પષ્ટ રીતે મળે છે.

'હે ગુરુદેવ! આપની વાણીનો સ્પર્શ થતાં જ જાણે વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ. શું હું મુક્ત થનારો છું ? અરે! શાસ્ત્રોમાં જે મુક્તિનો આટલો મહિમા વખાણ્યો છે તેને આપના શબ્દ માત્રે આટલો સરળ બનાવી દીધો !'

'દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને 'હું ભગવાન છું' એવું રટણ લગાડવું તે, હે પ્રભો! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે.'

શ્રી સોગાનીજીની શૈલી દ્રવ્યદ્રષ્ટિની પ્રધાનતાવાળી રહી છે, જે અનાદિકાળથી પર્યાયમૂઢતાવશ અત્યંત જટિલ અને વિકટ પર્યાયબુદ્ધિરૂપી નાગપાશના મજબૂત બંધનમાં જકડાયેલા જીવને છોડાવવા માટે પરમ ઉપકારભૂત છે. જો કે તેઓશ્રીની વાણી અતિ શાંત અને મૃદુ હતી, તેમ છતાં શ્રોતાઓને એવો સંવેગ આવી જતો કે જાણે તીવ્ર પુરુષાર્થથી અત્યારે જ છલાંગ મારી આત્મામાં સ્થિર થઈ જાવ!આ રીતે તેઓશ્રીની વાણીમાં કોઈ એવું અદ્‌ભુત જોર હતું કે જેનો સ્પર્શ થતાં જ પાત્ર જીવનો અનાદિથી સુષુપ્ત આત્મા એકદમ ઊભો થઈ જાય !

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી પાસે જ્યારે શ્રી સોગાનીજીના આકસ્મિક ખબર પહોંચ્યા ત્યારે તેમણે વૈરાગ્યપૂર્ણ સહજભાવથી પોતાના ઉદ્‌ગાર પ્રગટ કરતાં કહ્યું, 'અરે! આત્માર્થીએ મનુષ્ય જન્મ સફળ કરી દીધો. તેઓ સ્વર્ગમાં ગયા છે અને નિકટભવી છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીને પોતાના પ્રવચનોમાં વારંવાર સોગાનીજીની અધ્યાત્મિક ઉપલબ્ધિઓ, તેમનો અસાધારણ પુરુષાર્થ અને માર્મિક શૈલીની મુક્તકંઠે પ્રશંસા કરતા રહ્યાં. ક્યારેક-ક્યારેક તો તેઓશ્રી ભાવવિભોર થઈને ત્યાં સુધી કહેતા કે:

'શ્રી સોગાની વૈમાનિક દેવમાં ગયા છે, ત્યાંથી નીકળીને મનુષ્યભવ પ્રાપ્ત કરી ઝપટ કરશે, અને મારા પહેલા મુક્તિમાં જશે. જ્યારે હું તીર્થંકરના ભવમાં (-ચોથા ભવે) મુનિદીક્ષા લેતી વખતે સર્વ સિદ્ધોને નમસ્કાર કરીશ ત્યારે મારા નમસ્કાર તેમને પણ પ્રાપ્ત થશે.'

ધન્ય ધન્ય છે આવા ગુરુ !! ધન્ય છે આવા શિષ્ય !

ધન્ય ધન્ય ધન્ય ધન્ય પુરુષાર્થી, ધ્રુવધામ સાધક તું ખરો મોક્ષાર્થી;

વિમલ સમલાંતર નિશાંતરમાહી, નિહાલ થઉં તુજ શરણ ગ્રાહી.

निहालभाई की वाणीने मानो मन को ज़ंजोल दिया,
कुछ ऐसी बात कही तुमने कुछ ऐसा जादू घोल दिया |
दरसन को तुमने पंख दिया, तत्वों को नव परिवेश दिया,
जनजन को मुक्त बनाने को, जग को अनुपम सन्देश दिया |
हर एक आत्मा ईश्वर है, कहकर जग को तार दिया,
वैसे सोगानीजी को हमने प्रणाम शत् शत् बार किया |

અજોડ પુરુષાર્થી પૂજ્ય નિહાલચંદજી સોગનીના ચરણ કમળમાં કોટી કોટી વંદન............

*****